જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૨/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૯૦/૧૮

## નાસતા-ફરતા આરોપીને પકડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

ઉપરી અધિકારીશ્રી નાઓ તરફથી હાલમાં નાસ્તા ફરતા આરોપીઓને પકડવા સારૂ ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જે આધારે અમોએ સર્વેલંસ સ્કોડના માણસોને સુચના આપેલ જે સુચના આધારે સર્વેલંસ સ્કોડના ઇંચાર્જ પો.સ.ઇ એ.બી.ચૌધરી સાહેબ નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૬/૪૫ વાગે કર્ણાવતી મેઘામોલ પાસે આવતા સાથેના પો.કો કિરીટસિંહ મહોબતસિંહ બનં.૬૨૭૯ તથા પો.કો ગીરીશકુમાર જેસંગભાઇ બનં.૧૩૦૬૫ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે

(૧) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૩૧/૧૭ ધી ઇપીકો કલમ. ૧૪૩, ૧૪૭, ૩૨૪, વિગેરે મુજબ ના ગુનાના કામે નાસતો ફરતો આરોપી ધર્મેન્દ્ર @ ધમો સ/ઓ ભવરલાલ ખટીક ઉવ.૨૬ રહે. મનં.૨૧૨ રેવાબાનગર રામરાજ્યનગર રામોલ અમદાવાદ શહેર નાને તા.૨૫/૦૨/૧૮ ના કલાક ૧૭/૩૦ વાગે ગુનાના કામે પકડી અટક કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

---

## -x વટવા પોલીસ સ્ટેશન x-

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મિલ્કત સબંધી

મે. પોલીસ કમિશ્નરશ્રીના અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૦૦૩/૨૦૧૭ તારીખ ૨૦/૧૨/૨૦૧૭ પાસા અટકાયતી નામે ઈરફાન ઉર્ફે બગલો સ/ઓ બાબુભાઈ ગુલાબભાઈ જાતે-શેખ ઉવ.૩૩ રહે, ગણેશ નગરના કાચા છાપરા પીપળજ પીરાણા રોડ નારોલ વટવા અમદાવાદ શહેર મુળ ગામ-ધુળીયા જી-જલગાંવ (મહારાષ્ટ્ર) નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજ રોજ તા.૨૫/૦૨/૨૦૧૮ ના કલાક ૧૦/૦૦ વાગ્યે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

---

**પાલડી પોલીસ સ્ટેશનઃ**

મહેરબાન પોલીસ કમીશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૭ નાઓએ નાસતા ફરતા તેમજ અનડીટેક ગુન્હાઓ શોધી કાઢવા આપેલી સુચના અન્વયે મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી એન ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પાલડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૦૯/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦ (બી) મુજબના કામનો આરોપી નામે ભરતભાઈ બાલુભાઈ સોની ઉ.વ. ૫૩ રહે, ઝી બ્લોક ૪૦૨ સાલીન હાઈટસ ૩ વીજોલગામની સામે હાથીજણ નારોલ રોડ વિંજોલ અમદાવાદ નાને બાતમી હકિકત આધારે તા.૨૫/૦૨/૨૦૧૮ ના રોજ કલાક ૨૧/૦૦ વાગે અટક કરવામા આવેલ છે અને જેની પુછપરછ દરમ્યાન જે કાગડાપીઠ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં. ૧૮૪/૧૭ ઈ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હામા પણ નાસતો ફરતો હોય જેથી કાગડાપીઠ પો.સ્ટે આરોપી અટકની જાણ કરવા માટે તજવીજ કરવામાં આવેલ છે.અને હાલ આગળની કાર્યવાહી ચાલુ છે.

---

**વાહન ચેકિંગ દરમ્યાન એમ.વી.એક્ટ કલમ ૨૦૭ હેઠળ ડેટેઇન કરેલ મોટર સાયકલ શંકાસ્પદ જણાતા જેની તપાસ કરતા જે મો.સા ચોરીનુ હોવાનુ જણાઇ આવતા જે ગુનામાં એક આરોપીની ધરપકડ કરી ચોરીનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ**

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા ના.પો. કમિશ્નર ઝોન-૨ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એલ, ડીવીઝન સાહેબનાઓ તરફથી અમદાવાદ શહેરમાં બનતા મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધવા સારૂ તા.૨૦/૦૨/૨૦૧૮થી તા.૨૬/૦૨/૨૦૧૮ સુધી નંબર પ્લેટ વગરના વાહનો ડીટેઇન કરવા અંગેની ડ્રાઇવ રાખવામાં આવેલ જે ડ્રાઇવ અનુસંધાને ગઈ તા-૨૨/૦૨/૨૦૧૮ના રોજ અત્રેના પો.સ્ટે.ના મહીલા પો.સબ.ઇન્સ.શ્રી કે.આર.સુતરીયા તથા તેમની સાથેના સ્ટાફે સાબરમતી જનપથ ત્રણ રસ્તા ખાતે વાહન ચેકીંગ દરમ્યાન કલાક ૧૪/૨૦ વાગે એક પેશન મો.સા. નંબર જી.જે.૧૮-જે-૪૮૯૫ના ચાલક ગોપાલભાઇ રમણભાઇ રાવળ રહે,ગામ-ઉવારસદ તા.જી.ગાંધીનગરનાને ઉપરોક્ત મો.સા. સાથે રોકેલ અને જેની મો.સા. નંબર પ્લેટ વગરની હોઇ તથા લાયસન્સ ન હોઇ સદરી ઇસમને મો.સા.ના માલીકી અંગેના આધાર પુરાવા રજુ કરવા અંગેની સમજ કરી આ મો.સા. એમ.વી.એક્ટ કલમ ૨૦૭ મુજબ ડીટેઇન કરેલ જે મો.સા.ના કોઇ આધાર પુરાવા રજુ કરેલ નહી જેથી અત્રેના પો.સ્ટેના સર્વે સ્કોર્ડ પો.સ.ઇ શ્રી બી.પી.મેઘલાતરનાઓને તપાસ દરમ્યાન આ મો.સા. શંકાસ્પદ જણાયેલ જેથી અમારી સુચના તથા માર્ગદર્શન હેઠળ તેઓએ સદરી મો.સા ચાલકને આપેલ ડીટેઇન મેમામાં બતાવેલ સરનામે ખાનગી રાહે તપાસ કરાવતાં સદરી ઇસમ હાલમાં બળીયાદેવ મંદીરની સામે છાપરામાં બજરંગ કીરાણા સ્ટોર્સની પાછળ ફતેપુરાગામ ગાંધીનગર ખાતે રહેતો હોવાનુ જાણવા મળતા પો.સ.ઇ શ્રી બી.પી.મેઘલાતર તથા પો.કો. શીવાભાઇ મણાભાઇ બ.નં.૫૪૯૫ તથા પો.કો. કમલેશકુમાર સોમાભાઇ બ.નં.૫૭૧૧ તથા પો.કો. સુરેન્દ્રસિંહ કરણસિંહ બ.નં.૩૪૬૦ નાઓએ સદરી જગ્યાએ તપાસ કરતાં ઉપરોક્ત ઇસમ મળી આવતાં સદરીને પો.સ્ટે. લઇ આવી ઉપરોક્ત ડીટેઇન કરેલ મો.સા. નંબર જી.જે.-૧૮-જે-૪૮૯૫ના માલીકી અંગેના આધાર પુરાવા માંગતાં કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહી જેથી સદરીની યુક્તિ પ્રયુક્તિથી વધુ પુછપરછ કરતાં સદરી ઇસમે આ મો.સા. આજથી આશરે અઠવાડીયા પહેલાં ગાંધીનગર સેક્ટર-૧૫માં આવેલ એલ.ડી.આર.પી. કોલેજની સામેના ભાગે(સેક્ટર-૨૪)થી પોતાની પાસેની ચાવીથી મો.સા.ચાલુ કરી ચોરી કરીને લઇ ગયેલાની હકીકત જણાવેલ જેથી સદરી બાબતે તપાસ કરાવતા આ ચોરી બાબતે ગાધીનગર સેક્ટર -૨૧ પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુના રજીસ્ટર નંબર-૨૭/૨૦૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોઇ જેથી સદરી આરોપીને તા.૨૫/૦૨/૨૦૧૮ના કલાક ૨૧/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી આરોપી તથા કરેલ તપાસના કાગળો ગાધીનગર સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન નાઓને સોંપવા તજવીજ કરેલ છે

---

## દરીયાપુર પોલીસ સ્ટેશન

દરિયાપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન ૦૯/૨૦૧૮ ધી ઈ.પી.કો કલમ ૩૯૪, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ફરીયાદી શ્રી ધીરેન્દનાથ ઓમપ્રકાશ તીવારી ,ઉ.વ.૨૧,ધંધો-વેપાર ,રહે- ઘ.નં-૩૨ ઓડાના મકાનમાં અશોકમીલ પાસે નરોડા રોડ અમદાવાદ શહેર નાઓને ગઇ તા. ૨૩/૦૨/૨૦૧૮ ના રાત્રીના દસેક વાગ્યાના સુમારે દરિયાપુર વાઘરીવાસના નાકા પાસે આરોપીઓ અબ્દુલસમદ ઉર્ફે જુમ્મો તથા તેના મિત્ર ફિરોજ નાએ ફરીયાદી શ્રીને તલવાર બતાવી ખિસ્સામાંથી રોકડ નાણાં રૂ.૧,૨૦૦/- ની લુંટ કરી લઇ મારમારી નાસી ગયેલ જે અંગે અત્રેના પો.સ્ટે. તા.૨૪/૦૨/૨૦૧૮ ના રોજ ઉપરોક્ત ગુ.ર.નં. થી ફરીયાદ દાખલ થતા સિનીયર પોલીસ ઇન્સ્પેકટર નાઓના માર્ગદર્શન હેઠળ સદર ગુનો ડીટેકટ કરવા માટે અમો તથા સર્વેલન્સ સ્કવોડના માણસો સાથે અલગ-અલગ ટીમો બનાવી તપાસ કરતા સાથે ના પો.કો. સહદેવસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૮૬૧૭ તથા પો.કો.ઇદ્રીશભાઇ અકબરભાઇ બ.નં.૪૩૮૯ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે આરોપી (૧) અબ્દુલસમદ ઉર્ફે જુમ્મો સ/ઓ અબ્દુલલતીફ શેખ ઉ.વ.૨૪ રહે, રમઝાન ધોબીની ચાલી, કેરોસીન ગલી, ઉર્દુશાળા નં.૧ ની પાસે, વાઘરીવાસ, દરિયાપુર, અમદાવાદ શહેર તથા આરોપી નં.(૨) ફિરોજ ઉર્ફે ગુલ્લુ સ/ઓ ગુલામરસુલ જાતે ઘાંચી ઉ.વ. ૩૨ રહે, કંકોડીનુ ડેલુ, કેરોસીન ગલી, ઉર્દુશાળા નં.૧ ની પાસે, વાઘરીવાસ, દરિયાપુર, અમદાવાદ શહેર નાઓને તા.૨૪/૦૨/૨૦૧૮ ના ક.૨૦/30 વાગે ઉપરોક્ત ગુનામાં ગયેલ મુદ્દામાલ રોકડ નાણાં રૂ.૧,૨૦૦/- તથા ગુનામાં વાપરેલ તલવાર તથા C.N.G. ઓટો રિક્ષા નં GJ.01.CU.4257 ની સાથે પકડી અટક કરી ધોરણસર ની કાર્યવાહી કરવામાં આવેલ તેમજ તમામ મુદ્દામાલની રિકવરી કરી વણ શોધાયેલ ગુનો શોધી કાઢવામાં આવેલ છે. તા.૨૫/૦૨/૨૦૧૮

---

**<u>બાપુનગર પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડ દ્વારા ગણતરીના કલાકોમાં ચોરીમાં ગયેલ એક્ટીવા સાથે આરોપી પકડી પાડી કરેલ સરાહનીય કામગીરીની</u>**

**<u>પ્રેસનોટ</u>**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ નાસ્તા-ફરતા આરોપીઓ તથા પો.સ્ટે.માં ચાલુ વર્ષે દાખલ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા સારૂ આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝનનાઓ તરફથી મળેલ સુચના આધારે આજરોજ અત્રેના <u>બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૯/૨૦૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબ</u> નો ગુનાના આરોપી-મુદ્દામાલ શોધી કાઢવા સારૂ પો.ઇન્સ. શ્રી વી.જે.જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ અમો તથા સાથેના સર્વેલન્સ સ્કોર્ડ મ.સ.ઇ.માનાભાઇ ખાતુભાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના <u>પો.કો.સુરેશકુમાર ભેમાભાઇ તથા પો.કો.ભરતસિંહ મનુભાઇ</u> નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે ઉપરોકત ગુનાનો આરોપી <u>મો.સમીર મો.ખલીલ અહેમદ અંસારી ઉ.વ.૨૪ રહે.૮૧/૧૩૫૮ ગુ.હા.બો. સુન્દરમનગર બાપુનગર અમદાવાદ શહેર</u> નાને સદરી ગુનાની ચોરી કરી લઈ ગયેલ એકટીવા એક્ટીવા નં. જી.જે. ૨૭ બી.બી. ૯૭૬૯ કિ.રૂ ૩૫૦૦૦/-ની ગણી શકાય તેની સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડી આજરોજ તા.૨૫/૦૨/૧૮ ના કલાક ૦૨/૦૦ વાગે પકડી અટક કરી અત્રેના પો.સ્ટે.નો અનડીટેકટ ગુનો શોધી કાઢી આગળની તપાસ હાથ ધરેલ છે.

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.